
નવેમ્બર -દિન વિશેષ

## ચીનુભાઈ મેયર



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરપદે કરેલી ઉત્તમ કામગીરીને કારણે જેમની અટક મેયર પડી ગઈ તેવા ચીનુભાઈનો જન્મ તા.૧/૧૧/૧૯૦૯ના રોજ અમદાવાદમાં થયો હતો. પિતાનું નામ ચીમનભાઈ અને માતાનું નામ લક્ષ્મીબાઈ હતું. તેમણે બનારસ યુનિવર્સિટીમાં માલવીયાજી અને આનંદશંકર ધ્રુવ જેવા વિદ્વાન અધ્યાપકોના હાથ નીચે અભ્યાસ કરવાની તક મળી. ત્યારબાદ અમદાવાદમાં કોલેજ શિક્ષણ લીધું. ગાંધીજીના અસહકારની લડતનો સાદ સાંભળીને અભ્યાસ છોડ્યો. ત્યારબાદ મુંબઈ કોલેજમાંથી ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયો સાથે સ્નાત્સ થયા. ઈ.સ. ૧૯૩૬માં અમદાવાદની સરસપુર મિલમાં જોડાયા. ઈ.સ. ૧૯૪૨માં શેઠ કસ્તુરભાઈની ભલામણથી સરદાર પટેલે ચીનુંભાઈને અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય બનાવ્યા. ત્યારબાદ પોતાની બુદ્ધિ અને કૂશળતાથી આગળ વધતાંઈ.સ. ૧૯૪૯માં તેઓ પ્રમુખ થયા. ઈ.સ. ૧૯૫૦થી મ્યુનિસિપાલિટી કોર્પોરેશનમાં ફેરવાઈ અને ચીનુભાઈ તેના મેયર થયા. અમદાવાદના આકાર અને ઉછેરમાં શ્રી ચીનુભાઈનું પ્રદાન ચિરસ્મરણીય રહેશે. ' મેયર' શબ્દ સાંભળતાં જ નજર સમક્ષ ચીનુભાઈનો ચહેરો દેખાવા માંડે એટલી હદ સુધી ચીનુભાઈ નામ સાથે ' મેયર' શબ્દ ભળી ગયેલો. ગુજરાત વિધાનસભાની શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે પણ તેમનો નિકટ હતા. આ જ સંસ્થા દ્વારા શરૂ થયેલા નાટ્યવિદ્યા તથા પત્રકારત્વના અભ્યાસમાં પણ તેમનું પ્રદાન મહત્વનું છે. અમદાવાદ શહેરનો અદ્યતન પ્રેમાભાઈ હોલના નિર્માણની બુનીયાદમાં પણ તેમની કલાદ્રષ્ટિ જોઈ શકાય છે. ઈ.સ.૧૯૭૬માં આ હોલના ઉદઘાટન પ્રસંગે એક સપ્તાહ સુધી શાસ્ત્રીય સંગીત તથા નૃત્યના કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. અમદાવાદ મ્યુઝિયમની કામગીરી પણ તેમણે સફળતાપૂર્વક કર્યું. અમદાવાદ શહેરના ઉત્કર્ષ માટે અથાગ મહેનત કરનાર ચીનુભાઈ મેયરનું પહેલી ઓગસ્ટ ૧૯૯૩ના દિવસે અવસાન થયું.

## ડૉ.મહેન્દ્રલાલ સરકાર



ભારતના મહાન વિજ્ઞાની ડૉ.મહેન્દ્રલાલ સરકારનો જન્મ તા. ૨/૧૧/૧૮૩૩ના રોજ કલકત્તા પાસે આવેલા વૈક્પુરા નામના ગામમાં થયો હતો. નાનપણમાં જ માતાપિતાની છત્રછાયા ગુમાવી હતી. તેમનો ઉછેર મામાને ત્યાં થયો હતો. માધ્યમિક શિક્ષણ કલકતાની ડેવિડ હેરની શાળામાં લીધું. ઈ.સ. ૧૮૬૦માં વૈધક્શાસ્ત્ર વિષય સાથે સ્નાતકની ઉપાધી મેળવી હતી. ત્યારપછી તેઓ એમ.ડી. પણ થયા અને લોકપ્રિય ડોક્ટર બન્યા. તેમણે ઈ.સ. ૧૮૬૭માં વૈદકશાસ્ત્રમાં અનેક સુધારા વધારા કર્યા. તેમણે ' કલકતા જર્નલ ઓફ મેડીસીન ' નામના મેગેઝીન ચાલુ કરેલું. તેમને હોમીયોપેથીના 'ધન્વતરી ' તરીકે ઓળખાતા હતા. કલકતા

યુનિવર્સીટીએ તેમને ' ડોક્ટર ઓફ લોઝ્ની માનદ ઉપાધી આપી હતી. કલકતા મ્યુનિસિપાલિટીના સભ્ય અને ફેકલ્ટી ઓફ આર્ટસના પ્રમુખ તરીકે પણ તેઓ ચૂંટાયા હતા. કલકતા યુનિવર્સિટીના સિન્ડીકેટના સભ્ય પણ થયા હતા. એમણે હોમીયોપેથીનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ઘડપણમાં ડૉ.સરકાર ઇન્ફ્યુંએન્ઝાનો ભોગ બન્યા અને બીજી નવેમ્બર ૧૯૦૩ના દિવસે અવસાન થયું.

## પૃથ્વીરાજ કપૂર



ભારતીય ફિલ્મ ત્યાં થિયેટરના પિતામહ તરીકે ઓળખાતા પૃથ્વીરાજ કપૂરનો જન્મ તા. ૩/૧૧/૧૯૦૬ન રોજ પંજાબના પેશાવરમાં થયો હતો. તેમના પિતા વિશ્વશ્વરનાથ પોલીસખાતામાં અધિકારી હોવાને કારણે તેમની વારંવાર બદલીઓ થતી રહતી હતી.આથી પૃથ્વીરાજ કપૂર પોતાના દાદાની પાસે મોટા થયા. .ઇસ.૧૯૨૭માં પેશાવરની એડવર્ડ કોલેજમાં સ્નાતકની પદવી મેળવી હતી. કોલેજકાળ દરમ્યાન તેમને નાટકની પ્રવૃતિમાં ભાગ પણ લેતા હતા. ત્યારપછી લાહોરની કોલેજમાં કાયદાશાસ્ત્રના અભ્યાસ તેમને કર્યો હતો. તે દરમ્યાન ' ગ્રાન્ડ એન્ડરસન થિયેટર' નામની શેક્સપિયરના નાટકો ભજવતી એક મંડળીમાં જોડાયા. નાટકની અદાકારીમાં દિલચસ્પી વધારે થતાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ છોડી ફિલ્મ તથા અભિનય ક્ષેત્રે પોતાની કારકિર્દીની શરૂઆત કરી. ઈ.સ. ૧૯૩૧માં ભારતની પ્રથમ બોલતી ફિલ્મ ' આલમઆરા'માં પૃથ્વીરાજ કપૂરે પોતાનો યાદગાર અભિનય આપ્યો. ' આલમઆરા'ના આ નવા કલાકારને લોકોએ ઉમળકાભેર વધાવી લીધા હતા. પૃથ્વીનાથ કપૂરે પોતાનું નામ બદલીને પૃથ્વીરાજ કપૂર રાખ્યું હતું. તેઓ રણજીત સ્ટુડિયોમાં જોડાઈ અનેક ફિલ્મોમાં યાદગાર ભૂમિકા ભજવી છે. સોહરાબ મોદીની ' સિકંદર' નામની ફિલ્મમાં સિકંદરની યાદગાર ભૂમિકા ભજવી હતી. ફિલ્મોમાં અભિનય ઉપરાંત સાહિત્ય તથા સંગીતમાં પણ તેઓ ખૂબ જ રસ ધરાવતા હતા. ' કલ આજ ઔર કલ' તેમનું અંતિમ ફિલ્મ હતી. કપૂર પીવારની ત્રણ પેઢીને આવરી લેતી આ ફિલ્મમાં તેમણે પોતાના પુત્ર રાજકપૂર તથા પૌત્ર રણધીરકપૂરની સાથે જીવનનો છેલ્લો અભિનય આપ્યો છે. ' પૃથ્વી થિયેટર્સના માધ્યમ દ્વારા તેમણે મહત્વપૂર્ણ સેવા કરી છે. ઈ.સ.૧૯૬૬માં ઝેકોસ્લોવીયાની રાષ્ટ્રીય સંગીત નાટક અકાદમી તફથી તેમણે સર્વોચ્ચ એવોર્ડ એનાયત થયેલ છે. તેઓ અભિનયસમ્રાટ ઉપરાત દિગ્દર્શક અને ફિલ્મ નિર્માતા પણ હતા. ભારતીય ફિલ્મોના પિતામહ પૃથ્વીરાજ કપૂર ૨૯મી મે ૧૯૭૨ના દિવસે અવસાન થયું.

## શ્રી જલારામ બાપા



શ્રી જલારામ બાપાનો જન્મ ૪-૧૧-૧૭૯૯ ના રોજ વીરપુરમાં માતા રાજબાઇના કુખે થયો. એમના પિતાજીનું નામ શ્રી પ્રધાન ઠક્કર હતુ. અને માતાનું નામ રાજબાઇ હતું. તેઓ ખૂબ જ ધાર્મિક હતા. સંત રધુવીરદાસજીએ માતા રાજબાઇને કહ્યું હતુ કે એમનો બીજો પુત્ર ખુબ પ્રસિદ્ધ સેવાભાવી

સંત થશે. આવી માતા પાસેથી જલારામ બાપાએ સેવા, ભકિત, ધીરજ, ત્યાગભાવના વિગેરે ગુણો કેળવ્યા. જયારે એ નાના હતા ત્યારે એક સંત એમને મળ્યા જેઓ જલારામ બાપાને પૂર્વ જનમથી જાણતા હતા. અને એમની પ્રેરણાથીજ તેઓ સીતારામ મંત્ર બોલવા માંડયા. માત્ર ૧૬ વર્ષમાં જ એમના લગ્નઠક્કર પ્રાગજી સોવાજીયા ના દિકરી વીરબાઇ જોડે થયા. જલારામને સંસાર ચલાવવામાં કે પિતાનો ધંધો ચલાવામાં બિલકુલ રસ ન હતો. એ તો સાધુ સંતોની સેવામાંજ લાગ્યા રહેતા. ભૌતિક જગતમાંથી તેઓ બહાર જવા માંગતા હતા. ૧૮માં વર્ષે શ્રી જલારામ બાપાએ ફતેપુર જીલ્લા અમરેલીના શ્રી ભોજલરામને ગુરૂ તરીકે સ્વીકાર્યા અને ગુરૂમાળા તથા શ્રીરામના નામનો મંત્ર મેળવ્યો. ઈ.સ.૧૮૨૭માં ગુરૂના આર્શીવાદથી એમણે ૨૪ કલાક માટે ખુલુ સદાવ્રત શરૂ કર્યું. જયાં બધા સાધુસંતો તથા જરૂરીયાતમંદો ગમે ત્યારે જમી શકે. કોઇપણ ખાધા વગર પાછુ જાય નહી તેનો ખ્યાલ તેઓ પોતે રાખતા. ગામે ગામ મદદ લેવા જતા. એ અને પત્ની વીરબાઇ નજીકના ખેતરોમાં કામ કરતા અને અનાજ ઉગાડતા. વીરબાઇએ પિયરથી મળેલ પોતાના સોનાના દાગીના પણ વેચી દિધા હતા જેથી ગરીબોને ખવડાવી શકાય. એક દિવસ ભગવાન શ્રીરામ એમની પરીક્ષા લેવા વૃદ્ધ સાધુનું રૂપ લઈ આવ્યા. અને વૃદ્ધત્વના લીધે પોતાનાથી કાંઇ થતુ નથી માટે મદદ કરવા વીરબાઇને સાથે લઇ ગયા. જલારામે જે ભકિત અને સેવાભાવથી શ્રીરામની વૃદ્ધ સાધુના રૂપમાં વીરબાઇ થકી મદદ સેવા કરી એનાથી ખુશ થઇ ભગવાન શ્રી રામે એમને એક લાકડી અને થેલી આપી હતી. જે આજે પણ વીરપુરમાં જોવા માટે મુકેલ છે. વીરપુર આવનાર કોઇપણ વ્યકિતને નાત-જાત-ધર્મ ના ભેદભાવ વગર તેઓ જમાડતા. એટલે એમને બધા રોટીબાવા પણ કહેતા હતા. ઈ.સ.૧૮૫૬ના મોટા દુકાળમાં પણ પૂજય જલારામ બાપાએ વધારેમાં વધારે લોકોને ભોજન મળે એવો પ્રબંધ કર્યો હતો. તા. ૨૩-૨-૧૮૮૧ના રોજ પ્રાર્થનામાં બેઠાબેઠા એમણે આ નશ્વર દેહનો ત્યાગ કર્યો.

આજે પણ વીરપુરમાં હજારો લોકોના જમણ પછી પણ કોઇ દિવસે ભોજન ખુટતુ નથી. ૨૦૦૧થી જલારામ મંદિરમાં દાન લેવાનું બંધ છે તેમ છતાં વીરપુર સહિત બધેજ ઠેકાણે કયારે કોઇ વાતની કમી પડતી નથી.

## દેશબંધુ ચિતરંજનદાસ




દેશની આઝાદી માટે જેમણે કુરબાની આપી હતી તથા કવિ અને દેશબંધુ એમ બંને પ્રવૃતિઓમાં નામ સાર્થક કરનાર દેશબંધુ ચિતરંજનદાસને જન્મ ૫મી નવેમ્બર ૧૮૭૦ના રોજ કલકતામાં થયો હતો. તે જમાનામાં વિખ્યાત સોલિસિટર, અગ્રગણ્ય બ્રહ્મસમાજી નેતા અને પ્રખર રાજકીય વિચારક ભુવનમોહનદાસના એ પુત્ર હતા. તેમનું કુટુંબ સુશિક્ષિત અને સુધારાવાદી આચારવિચાર ધરાવતું હતું. તેમના માતા નિસ્તારિણીદેવી બ્રહ્મસમાજી હોવા છતાં હિંદુ ધર્મ પ્રત્યે ખૂબ આદરભાવ રાખતા. ઉચ્ચઅભ્યાસ પ્રેસિડેન્સી કોલેજમાં ઈ.સ.૧૮૯૦માં બી.એ.ની પરીક્ષા પાસ કરી. ત્યારપછી એ.આઈ.સી.એસ. થવા ઈંગ્લેન્ડ ગયા. પરંતુ તેમાં તેમને સફળતા મળી નહી. આથી ચિતરંજનદાસ બેરિસ્ટરની પરીક્ષા પસાર કરી. સંધ્યા,જુગાન્તર અને વંદે માતરમ જેવા કેસોમાં સરકાર સામે અદાલતી લડત ચલાવેલી એથી એમની કીર્તિ ચોકોર ફેલાઈ હતા.

શ્રીઅરવિંદ ઘોષના કેસમાં તેમને નિર્દોષ જાહેર થયા અને ચિતરંજનદાસ દેશના મહાન વકીલોમાં સ્થાન પામ્યા. અસહકાર આંદોલનમાં તેમણે ગામડે ગામડે ફરી લોકોમાં ચેતન જગાડી પોતે અને પત્નીએ જેલયાત્રાઓ હસતે મોં એ સ્વીકારી હતી. ઈ.સ. ૧૮૯૫માં પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો. એમાં તેમણે પ્રાંતિય ભાવોથી અને હ્રદયની સાચી લાગણીઓથી રંગાયેલી રચનાઓ પ્રગટ કરી છે. પોતાની લખલૂંટ મિલકત એમણે જનકલ્યાણ અર્થે ટ્રસ્ટ બનાવી રાષ્ટ્રસેવા માટે વાપરી હતી. તેમણે કવિતા ઉપરાંત એમને કેટલીક નવલકથાઓ પણ બંગાળી ભાષામાં ઉચ્ચ સ્થાન ધરાવે છે.

ચિતરંજનદાસએ ઈ.સ. ૧૯૨૦માં કોલકટામાં પ્રિન્સ ઓફ વોલ્સના બહિષ્કારમાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈ.સ.૧૯૨૨માં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ બન્યા. મોતીલાલ નેહરૂ સાથે સ્વરાજ પાર્ટીની સ્થાપના કરી હતી. ઈ.સ.૧૯૨૪માં કલકતાના મેયર તરીકે રહી ચૂકેલા દેશવાસીઓનું જીવન ધોરણ સુધારવા ખૂબ જ મહેનત કરી હતી. દેશના આવા મહાન સ્વાતંત્ર્ય અને મહાપુરૂષનું ૧૬મી જુન ૧૯૨૫ના રોજ જીવનના અંતિમ શ્વાસ લીધા.

## જયમલ્લ પરમાર



ગુજરાતી નવલકથાકારઅને બાળસાહિત્યકારજયમલ્લ પ્રાગજીભાઈપરમારનો જન્મ તા. ૬/૧૧/૧૯૧૦ના રોજ વાંકાનેરમાં થયો હતો. ધોરણ છ પછી દક્ષિણામૂર્તિ, કાશિ વિદ્યાપીઠ અનેગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો.. સત્યાગ્રહ દરમિયાન કરેલ સંકલ્પ અનુસાર પરીક્ષા ન આપીપ્રમાણપત્રો ન મેળવ્યાં. ઈ.સ.૧૯૩૩ થી ૧૯૪૨ દરમિયાન સત્યાગ્રહ અંગે અવારનવાર જેલવાસ થયો.ઈ.સ.૧૯૩૯ થી ૧૯૪૨ સુધી ઝવેરચંદ મેઘાણી સાથે 'ફૂલછાબ' સાપ્તાહિકના સહતંત્રી તરીકે કામગીરી કરી.ઈ.સ.૧૯૫૦ થી ૧૯૫૬ સુધી 'ફૂલછાબ' દૈનિકમાં પણ કામ કર્યું. ઈ.સ.૧૯૬૦ થી૧૯૬૫ સુધી 'કલ્યાણયાત્રા' અને ઈ.સ.૧૯૬૭ થી અદ્યપર્યંત 'ઊર્મિ નવરચના' ના તંત્રી રહ્યા.ઈ.સ.૧૯૭૫થી ૧૯૭૭ સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં લોકસાહિત્યનુંઅધ્યાપનની કામગીરી કરી.

'ખંડિત કલેવરો', 'અણખૂટ ધારા', 'કદમકદમ બઢાયે જા' જેવી નવલકથાઓ; 'લોકકથા ગ્રંથાવલિ'- ૧, ૨, ૩માં પ્રકાશિત કાઠિયાવાડ, ગૌડબંગાળ, બુંદેલખંડ, પંજાબ, રાજસ્થાન ઇત્યાદિનીલોકવાર્તાઓ તથા 'દોલતપરી', 'સોનાપદમણી', 'નાગકુમારી', 'ગંડુરાજા', 'પાકો પંડિત', 'નીલમણિ', 'ફૂલવંતી' જેવી બાળવાર્તાઓ આપી છે. પક્ષીપરિચય ગ્રંથાવલિમાંની, વિવિધ વર્ગની પક્ષીઓની રસપ્રદ માહિતી આપતી એમની પુસ્તિકાઓ 'આગણાંના શણગાર', 'ઊડતાભંગી', 'વગડામાં વસનારાં', 'કંઠે સોહામણાં' અને 'પ્રેમી પંખીડા' નોંધપાત્ર છે. 'કાઠિયાવાડના ઘડવૈયા' , 'જીવનશિલ્પીઓ' , 'આચાર્ય પ્રફુલ્લચંદ્રરૉય' , 'શાહ નવાઝની સંગાથે' , 'સુભાષના સેનાનીઓ' અને 'ઝવેરચંદમેઘાણી' એમની જીવનચરિત્રોની પુસ્તિકાઓ છે.એમણે ત્રિઅંકી નાટક 'ભૂદાન' , એક-અંકી નાટક 'ઉકરડાના ફૂલ' ,

gnanbhandar.com

‘આપણી લોકસંસ્કૃતિ’ , ‘આપણાં લોકનૃત્યો’ , ‘ધરતીની અમીરાત’ , ‘લોકસાહિત્ય અને સંસ્કૃતિ’, ‘લોકવાર્તાની રસલ્હાણ’ : ૧-૨ , ‘જીવેઘોડાં જીવે ઘોડાં’ તેમ જ બાળકો માટેની ‘શેખચલ્લી ગ્રંથાવલિ’ અને ‘નશાબંધી ગ્રંથાવલિ’ ઉપરાંત હિંદીમાં લખેલાં ‘ખાંભી ઔર પાળિયા’ ઇત્યાદિ લોકસાહિત્ય, બાળસાહિત્ય તથા પ્રચારસાહિત્યનાં પુસ્તકો મળ્યાં છે.

## મેડમ મેરી કયુરી



કિરણોત્સર્ગી સંશોધન માટે બે નોબલ પારિતોષિક મેળવનાર પ્રથમ મહિલા વૈજ્ઞાનિક મેડમ મેરી કયુરીનો જન્મ ૭મી નવેમ્બર ૧૮૬૭ના રોજ પોલેન્ડની રાજધાની વોર્સોમાં થયો હતો. વ્યવસાયે તેમના માતા શિક્ષિકા અને પિતા વિજ્ઞાનના પ્રોફેસર હતા. આમ નાનકડી મેરી માટે ઘરનું વાતાવરણ તેમને વિજ્ઞાન તરફ પ્રેરે તેવું હતું. મેરી ભણવામાં ખૂબ જ હોશિયાર હતી. ઈ.સ. ૧૮૯૧માં પેરિસનીવિશ્વવિખ્યાત સોરબોન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. આ અભ્યાસ દરમ્યાન મેરીની મુલાકાત એક મિત્ર પિયરી કયુરી સાથે થઈ. અને લગ્નના બંધનમાં બંધાઈ ગયા. યુરેનિયમ કયાંય બહારથી કિરણોને શોષતું નથી બલ્કે જાતે જ કિરણો ઉત્સર્જિત કરે છે. આ એક અભૂતપૂર્વ શોધ હતી. સ્વયંશકિત હોવાના ધાતુના આ ગુણધર્મ ને મેરીએ ' રેડિયો એકટિવીટી ' એવું નામ આપ્યું. ઓસ્ટ્રિન સરકારે ભેટ આપેલા ૫૬ મણ 'પીચ બ્લેન્ડ ' મેરીએ સતત અન્વેષ કરીને પોણા ચાર વર્ષે ઈ.સ.૧૯૦૨માં એક ડેસિગ્રામ ભાર શુધ્ધ ' રેડિયમ ' તૈયાર કર્યું. આ શોધ બદલ ઈ.સ.૧૯૦૩માં મેરી, પિયરી અને હેન્ની બેકરેલને સંયુકત રીતે ભૌતિક વિજ્ઞાનમાં નોબલ પારિતોષિત એનાયત થયું. કિરણોત્સર્ગી પદાર્થો ઉપર મહાનિબંધ લખી ડોકટરની ઉપાધી મેળવી.

૧૯મી એપ્રિલ ૧૯૦૬ના રોજ મેરી માટે ગોઝારોદિવસ હતો. આ દિવસે પિયરી સાંજે કામથી પરવારીને પાછા ફરી રહયા હતા ત્યાં રસ્તામાં એક ઘોડાગાડી નીચે કચડાઈ જવાથી ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયું. આ આઘાતમાંથી મુકત થતાં મેરીએ પોતાનું કામ શરૂ કર્યું. અને રેડિયમનો અણુભાર નકકી કરવા બદલ ઈ.સ.૧૯૧૧માં ફરીથી તેને રસાયણ વિજ્ઞાનમાં નોબલ એનાયત થયું. મેરી સતત રેડિયોએકટિવ પદાર્થો વચ્ચે રહીને કામ કરતી હતી. આથી આ જોખમી કામ કરવાથી મેરી કેન્સરનો ભોગ બની અને ૭મી જુલાઈ ૧૯૩૪ના રોજ આ મહાન મહિલા વૈજ્ઞાનિકનું અવસાન થયું.


## મણિલાલ હરિદાસપટેલ



ગુજરાતી કવિ, નિબંધકાર, નવલકથાકાર અને વિવેચકમણિલાલ હરિદાસપટેલનો જન્મ તા. ૯/૧૧/૧૯૪૯ના રોજ લુણાવાડા તાલુકાના મોટાપાલ્લામાં ગામમાં થયો હતો. ઈ.સ. ૧૯૭૧માં ગુજરાતી-અંગ્રેજીવિષયો સાથે બી.એ. અને ઈ.સ.૧૯૭૩માં ગુજરાતી-સંસ્કૃત વિષયોમાં એમ.એ. પાસ થયા.ઈ.સ. ૧૯૭૯માં ‘અર્વાચીન કવિતામાં પ્રણયનિરૂપણ’ વિષય પર પીએચ.ડી કરી.ઈ.સ. ૧૯૭૩ થી ૧૯૮૭ સુધી આર્ટસ-કૉમર્સ કૉલેજ, ઈડરમાં ગુજરાતીનું અધ્યાપનની કામગીરી કરી, ઈ.સ.૧૯૮૭થી સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગ સાથેજોડાયા. એમના ‘પદ્મ વિનાના દેશમાં’ અને ‘સાતમી ઋતુ’ નામક કાવ્યસંગ્રહોમાં ઈડરના સ્થળ વિશેષના આગવા અસબાબથી અને ઈન્દ્રિયવેદ્ય કલ્પન

**પ્રભાવથી બંધાતું કવિતાનું પોત આધુનિક પરંપરાને અનુસંધિત રાખીને ચાલે છે. 'તરસઘર' , 'ઘેરો' અને 'કિલ્લો' નામક એમની નવલકથાઓમાં કથાનક અને ભાષા પરત્વેનોકસબ આસ્વાદ્ય છે. 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે' એમનો લલિતનિબંધોનો સંગ્રહ છે; એમાં અંગત આપવીતી ક્યાંક સંવેદ્ય બની શકી છે. 'કવિતાનું શિક્ષણ' (અન્ય સાથે, ૧૯૭૯)અને 'જીવનકથા' એમના વિવેચનગ્રંથો છે.**

## શ્રીમદ્દ રાજચંદ્ર



ગાંધીયુગનાઆધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્દ રાજચંદ્રનો જન્મ સંવત ૧૯૨૪ના કાર્તિક પૂર્ણિમા ૧૦મી નવેમ્બર ૧૮૬૭ના રોજ સૌરાષ્ટ્રમાં મોરબી પાસે આવેલા નાનકડા વવાણિયા બંદર ખાતે થયો હતો. શ્રીમદ્દ રાજચંદ્રના પિતા રવજીભાઈ અને માતાનું નામ દેવબાઈહતું. બંને ભકિતમય અને સેવન પરાયણતા હતા. શ્રીમદ્દ રાજચંદ્રનું મુળ નામ લક્ષ્મીનંદન હતું તેઓ સમર્થ ગણિતશાસ્ત્રી તથા જ્યોતિષ હતા. માત્ર ૧૯ વર્ષની વયે તેમની અદ્દભૂત સ્મરણશકિત તથા સમજણશકિત એટલી તીવ્ર હતી કે તેમણે બે વર્ષના સમયગાળામાં ગુજરાતી સાત ચોપડીઓનો અભ્યાસ પૂર્ણ કર્યો. સંવત ૧૯૪૪ના રોજ ઝબકબાઈ સાથે લગ્ન થયા. સાતમા વર્ષે તેમને જાતી સ્મરણજ્ઞાન –પૂર્વભર્વોનું જ્ઞાન મળ્યું. આઠમા વર્ષથી કવિતા લખવા માંડયા અને એ જ વર્ષે પાંચ હજાર કડીઓ લખેલી. નવમા વર્ષે ભારતીય સંસ્કૃતિના મહાનગ્રંથો રામાયણ અને મહાભારત વાંચી લીધેલા. ૧૬ વર્ષની વયે તો તેમણે સ્ત્રી નીતિબોધક ગ્રંથ તથા માત્ર ત્રણ જ દિવસમાં મોક્ષમાળા નામનો તત્વજ્ઞાનનો ગ્રંથ રચ્યો. ૧૭ વર્ષની વયે મોક્ષ સુબોધ તથા ૧૮ વર્ષની વયે ભાવના બોધ નામનો ગ્રંથની રચના કરી. શ્રીમદ્દે સાહિત્ય સર્જનની શરૂઆત માત્ર આઠ વર્ષની નાની ઉંમરે પદ્યરચનાથી કરી હતી. એક દિવસ તેમના ગામમાં અમીરચંદ નામના વ્યકિતનું સર્પદંશથી મૃત્યુ થયું. દેહને બાળવા માટે સ્મશાન લઈ ગયા. પિતા સાથે જવાની મનાઈ છતાં છાનેમાને શ્રીમદ્દ બાવળના ઝાડ પર ચડીને તે શબને બળતું જોઈ તેમને તે જ વખતે ૯૦૦ પૂર્વભવોનું જ્ઞાન થયું.

સંવત ૧૯૭૫ પછી તેમણે સ્ત્રી અને લક્ષ્મી બંનેનો ત્યાગ કર્યો. સંવત ૧૯૭૫માં સંગ્રહણીનું દર્દ જોર પકડતું ગયું. કુટુંબીજનો અને સ્નેહીજનો તેમની સેવામાં હતા પણ તેઓ તો પોતાના આત્મસ્વરૂપમાં જ લીન રહેતા.શ્રીમદ્દની પદ્યરચનાઓ ધર્મનો સંપૂર્ણ બોધ આપી જાય છે. શ્રીમદ્દની આવી અનેક કૃતિઓ જીવને ધર્મનો સ્પષ્ટ બોધ આપે છે. શ્રીમદ્દના ફકત ૩૩ વર્ષનાઅલ્પ આયુના કારણે જગતને જોઈએ તેટલું આપી શકયા નહી. ગાંધીજીએશ્રીમદ્દને પોતાના આધ્યાત્મિક ગુરૂ માન્યાશ્રીમદ્દ રાજચંદ્ર ૩૩ વર્ષનું અલ્પ આયુ ભોગવી સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ ૫ને ૯ એપ્રિલ ૧૯૫૧ને મંગળવારના રોજ બપોરે બે કલાકે આ ક્ષણિક દેહનો ત્યાગકર્યો.શ્રીમદ્દ રાજચંદ્રના આ વારસાને સાચવવા દેશભરમાં અનેક સંસ્થાઓ મુંબઈ, રાજકોટ, અમદાવાદ અને ભાવનગર વગેરે સ્થળોએ કામ કરી રહી છે. તેમાં ગાંધીનગર પાસે આવેલા કોબામાં આવેલ શ્રીમદ્દ રાજચંદ્ર સાધના કેન્દ્રમાં સ્વામીશ્રીઆત્માનંદજી અભૂતપૂર્વ કામ કરી રહયા છે.તેમને લખેલા તમામ સાહિત્ય અહી ખૂબ જ બારીકાઈથી સંગ્રહ કરી તેનો ગ્રંથ પણ બહાર પાડવામાં આવે છે. આ સંસ્થા દ્વારા ' દિવ્યધ્વની ' માસિક પણ પ્રસિધ્ધ કરવામાં આવે છે.


## નાનાભાઈ ભટ્ટ



**ગુજરાતી આત્મચરિત્રકાર, કથા લેખકનો નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ ઉર્ફે 'નાનાભાઈ ભટ્ટ'નો જન્મ તા. ૧૧/૧૧/૧૮૮૨ના રોજ**

ભાવનગરમાં થયો હતો. તેમનું મૂળ વતન પચ્છેગામ (ભાલ) હતું. તેમને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં મેળવ્યું.ઈ.સ. ૧૯૦૩માં ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી વેદાંત અંગ્રેજી વિષયો સાથે બી.એ થયા. ઈ.સ. ૧૯૦૭માં એ જ વિષયોમાં મુંબઈથી એમ.એ થયા. એસ.ટી.સી.મહુવાની હાઈસ્કૂલના આચાર્યપદથી નોકરીની શરૂઆત કરી. ઈ.સ.૧૯૦૮માં શામળદાસ કૉલેજમાં ઇતિહાસ-અર્થશાસ્ત્રના અધ્યાપક રહ્યા. ઈ.સ.૧૯૧૦માં 'દક્ષિણામૂર્તિ વિદ્યાભવન' નામની સંસ્થાની સ્થાપના કરી. તેમને આંબલા (સોનગઢ પાસે) ગામે નઈ તાલીમ આધારિત ગ્રામ-કેળવણીના નૂતન પ્રયોગ 'ગ્રામ દક્ષિણામૂર્તિ' નામની 'લોકશાળા'ની સ્થાપના કરી.તેના લીધે ગુજરાતમાં અનેક 'લોકશાળાઓ' નજમ થયો. અને ગ્રામ-કેળવણીમાં ક્રાંતિ થઈ. ઈ.સ. ૧૯૫૩માં ગ્રામ ઉચ્ચકેળવણીમાંની સંસ્થા 'લોકભારતી'(સણોસરા)ની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૪૮માં નવા સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમપ્રધાનમંડળમાં શિક્ષણમંત્રી બન્યા. ગાંધીજીના નિમંત્રણથી ઈ.સ.૧૯૨૬ના અરસામાં સવા વર્ષ માટે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે સેવા આપી. ઈ.સ.૧૯૫૪-૧૯૫૮ દરમિયાન રાજસભાના સભ્ય તરીકે નિમણુંક થઇ. 'આપણા દેશનો ઇતિહાસ' ,'હઝરત મહમ્મદ પયંગમ્બર ,'ઘડતરઅને ચણતર' ,'મહાભારતનાં પાત્રો') અને 'રામાયણનાં પાત્રો' ,'આખ્યાયિકાઓ' : ૧, ૨ , 'ભાગવત કથાઓ' તથા 'દ્રષ્ટાંતકથાઓ' : ૧, ૨ વગેરે તેમની કૃતિઓ છે. ભક્તિગ્રંથ 'ભાગવત'ને એમણે 'શ્રીમદ્ લોકભાગવત' ના રૂપમાંલોકભોગ્ય બનાવ્યો. 'ગૃહપતિને' અને 'કેળવણીની પગદંડી' ઈ.સ. ૧૯૬૦માં 'પદ્મશ્રી'નો ખિતાબ એનાયત થયો હતો. ૩૧ ડિસેમ્બર ૧૯૬૧માં 'લોકભારતી', સણોસરામાં અવસાન. થયું.


## ડૉ. સલીમ મોહિઝુદ્દીન અબ્દુલ અલી



ગુજરાતના વનસ્પતિશાસ્ત્રી અને આર્યુવેદાચાર્ય અને ભારતના ' બર્ડ મેન' તરીકે જાણીતા ડૉ. સલીમ મોહિઝુદ્દીન અબ્દુલ અલીનો જન્મ તા.૧૨/૧૧/૧૮૯૬ ના રોજ મુંબઈમાં થયો હતો. તેમનુ મૂળ વતન ખંભાત હતું. તેમનું આખું નામ ડૉ.સલીમ મોહિઝુદ્દીન અબ્દુલ અલી હતું. ડૉ.સલીમ અલી એની જિંદગીના શરૂઆતના દિવસો બેકારી અને તકલીફોમાં વિતાવ્યા હતા. નસીબે એનો હાથ પકડ્યો ના હોત તો તે વેપારધંધામાં કે ઓફીસ મેનેજર તરીકે જ જીવી જાત. દસ વર્ષની વયે સલીમને મામાએ એરગન લઇ આપી. એક દિવસ સલીમે ચકલીનો શિકાર કર્યો. આ ચકલીના ગળાનો નીચેલો ભાગ પીળા રંગનો હતો. સલીમ એ જાણવા ઉત્સુક હતો.પણ તેના મામા કહી ણા શક્યા કે ચકલી નોખી કેમ છે. એમણે સલીમને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી પર જવાનું સૂચવ્યું. એ ગયો તો ખરો,પણ અજાણ્યા અને વિચિત્ર લાગતાંઅંગ્રેજ માનદ મંત્રી એસ.મીલાર્ડની પાસે જતાં અચકાતો હતો. હિંમત કરી તે ઓફિસમાં ગયો. આ એક જ ઘટનાએ સલીમની જિંદગીમાં આમૂલ પરિવર્તન આવ્યું. અને ભારતને તેનો શ્રેષ્ઠ પક્ષીવિદ


મળ્યો. મિલાર્ડે પેલી ચકલીને પીળા રંગની ચકલી ઓળખી બતાવી અને સોસાયટીમાં દવાઓ ભરીને સાચવેલા પક્ષીઓનો અદભૂત ખજાનો પણ એને બતાવ્યો. સલીમને આ ઘટના પછી પક્ષીવિદ તરીકે જ વ્યવસાયમાં જોડાવાનો સંકલ્પ કર્યો. તેમને ભારતમાં હૈદરાબાદ રાજ્યના પક્ષીઓની મોજણીની સર્વપ્રથમ કામગીરી કરી.ત્યારપછી સમગ્ર ભારતના બધા જ પ્રદેશમાં પક્ષીઓની મોજણીની કામગીરી કરી હતી. કચ્છ અને ત્રાવણકોરનાં પક્ષીઓ પર તો તેમણે સ્વંતત્ર ગ્રંથો લખ્યા છે. આ ઉપરાંત પણ તેમણે પક્ષીઓ વિશે ઘણા પુસ્તકો લખ્યા છે. તેમણે ' ધ હોલ ઓફ ધ સ્પેરો' નામની આત્મકથા લખી. તેમણે ઘણા રાષ્ટ્રીય અને અંતરરાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયા છે. ભારત સરકારે પણ તેમને' પદ્મ ભૂષણ' આપી સન્માનિત કર્યા છે. ડૉ.સલીમ અલી ૨૦મી જુન ૧૯૮૭નાં દિવસે અવસાન થયું.

## મૂળરાજ રાજડા



ગુજરાતી રંગભૂમિના અને ટીવીના પીઢ કલાકાર મૂળરાજ રાજડાનો જન્મ તા. ૧૩/૧૧/૧૯૩૧ના રોજ મુંબઈના કાલબાદેવીમાં વસતા ગુજરાતી પરિવારમાં થયો હતો. મૂળરાજ રાજડા સ્નાતક થયા બાદ તેઓ કેબલ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને દેના બેંકમાં ઘણા વર્ષો સુધી નોકરી કરી હતી. તેઓ ઈ.સ. ૧૯૫૬માં અભિનેત્રી ઇન્દુમતી સાથે લગ્ન કર્યાં. તેમણે લગભગ ૧૫ વર્ષ કરતાં વધુ સમય ગુજરાતી નાટકોમાં સક્રિય રહ્યા હતા.ઈ.સ.૧૯૭૬માં ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં જોડાયા. રામાનંદ સાગરની લોકપ્રિય સિરીયલ ' રામાયણ'માં રાજા જનકનું પાત્ર ખૂબ જ લોકપ્રય ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત વિક્રમ ઔર વૈતાળ, મૃત્યુદાતા ,રજની, દાદા દાદી કિ કહાની ટીવી શ્રેણીઓમાં અભિનય કર્યો હતો. બાસુ ચેટરજીની લોકપ્રિય શ્રેણી રજનીમાં કેટલાક એપિસોડ પણ તેમણે લખ્યા હતા. તેમણે ગુજરાતી નાટકોમાં ' નારી તું ન હારી', 'ચાલ મારે સાથે', 'ઓ જીદંગી' અને 'સૂરજમુખી'માં પણ અભિનય કર્યો છે. તેમણે શિવકુમાર નીદેર્ષિત 'મીટ્ટી ઔર સોના' ફિલ્મની પટકથા પણ લખી હતી. જયશ્રી સ્વામિનારાયણ શ્રેણીની પટકથા પણ તેમણે લખી હતી. ગુજરાતી ફિલ્મના મહાન અભિનેતા, લેખક અને દિગ્દર્શક મૂળરાજ રાજડા ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૨માં તેમનું મુંબઈમાં અવસાન થયું.


## મકરંદ વજેશંકરદવે



ગુજરાતી કવિમકરંદ વજેશંકર દવેનો જન્મ તા. ૧૩/૧૧/૧૯૨૨ના રોજ ગોંડલમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ગોંડલમાં લીધું. રાજકોટ આર્ટસ કોલેજમાં દાખલ થયા પછી ૪૨ની લડતમાટે ઈન્ટર આર્ટસથી અભ્યાસ છોડ્યો. 'કુમાર', 'ઊર્મિનવરચના', 'જયહિંદ' વગેરે સાથેસાહિત્યિક પત્રકાર તરીકેની કામગીરી કરી .'નંદીગ્રામ' નામની, નવતર જીવનશૈલીનોપ્રયોગ કરી સંસ્થાની સ્થાપના કરી.'તરણાં' , 'જયભેરી' , 'ગોરજ' , 'સૂરજમુખી' , 'સંજ્ઞા', 'સંગતિ'જેવા એમના કાવ્યસંગ્રહોમાં આની પ્રતીતિ થયા વગર રહેશે નહિં.'ઝબૂક વીજળી ઝબૂક' બાળકાવ્યસંગ્રહ

છે, તો 'શેણી વિજાણંદ' ગીતનાટિકાછે. 'માટીનો મ્હેકતો સાદ' એમની હલધર બલરામ પરની નવલકથા છે; 'બે ભાઈ' , અને 'તાઈકો' બાળનાટકો છે; 'પીડ પરાઈ' માં પ્રસંગચિત્રો છે; તો 'યોગી હરનાથના સાંનિધ્યમાં' વ્યક્તિપરિચયછે.એમનુંઅધ્યાત્મચિંતન 'અંતર્વેદી' 'યોગપથ', 'સહજને કિનારે' 'ભાગવતીસાધના' , 'ગર્ભદીપ' , 'ચિરંતના' જેવા ગ્રંથોમાં રજૂ થયું છે.'વિષ્ણુસહસ્રનામઃ આંતરપ્રવેશ' માં કાન્તિલાલ કાલાણી સાથે ભગવદનામો વિશેસહિયારું ચિંતન છે.'એક પગલું આગળ' માં સામાજિક ચિંતન છે. 'સત કેરીવાણી' એમણે સંપાદિત કરેલો ભજનસંગ્રહ છે. 'ઘટને મારગે' અને 'ટારઝનઃજંગલોનો રાજા' એમના અનુવાદો છે.સંતપરંપરાનાસાહિત્યનો ભજનરસ, લોકસાહિત્યના સંસ્કારોથી મંડિત સહજસંવેદના, સૌરાષ્ટ્રનું તળપદુંશબ્દભંડોળ, ગઝલના મિજાજનો રંગ, રવીન્દ્રનાથ-મેઘાણીના ઓછાયા વચ્ચે કવિની પરિવ્રાજકસાધક વ્યક્તિતા-આ બધો મકરંદ દવેની કવિતાનો વિશેષ છે. અધ્યાત્મ અને ધર્મના સ્તર પરરહી ભજન અને ગીતોમાં એમના ઉન્મેષો પરંપરાની વાણીમાં પોતીકો અવાજ ભેળવવા મથે છે.ઈ.સ. ૧૯૭૯માં રણજિતરામ સુવર્ણચંદ્રકએનાયત થયેલ.


## જવાહરલાલ નેહરૂ



બાળકોના પ્યારા નેહરૂ ચાચા તથા દેશના પ્રથમ વડાપ્રધાનનો જવાહરલાલ નેહરૂનો જન્મ ૧૪મી નવેમ્બર ૧૮૮૯ના રોજ અલ્લાહાબાદમાં સુખી કાશ્મીરી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ મોતીલાલ નેહરૂ અને માતાનું નામ સ્વરૂપરાણી હતું. પત્નીનું નામ કમલા નેહરૂ અને પુત્રીનું નામ શ્રીમતી ઈન્દિરા ગાંધી હતું. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ઈ.સ. ૧૯૧૦માં વિજ્ઞાનના વિષયો સાથે તેઓ ગ્રેજયુએટ થયા.ઈ.સ. ૧૯૨૯માં તેઓ કોગ્રેસના પ્રમુખ તરીકે વરણી થઈ. ઈ.સ. ૧૯૩૦માં સવિનય કાનૂનભંગની ચળવળ તથા ઈ.સ. ૧૯૪૨માં ' ભારત છોડો' ચળવળ દરમ્યાનતેમની ધરપકડ થઈ. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશ આઝાદ બનતાં તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. તેમનો બાળકો પ્રત્યેનો પ્રેમ , લાગણી અને વ્યવહારને કારણે તેઓ ' નહેરૂ ચાચા' તરીકે ઓળખતા હતા. આથી જ તેમનો જન્મદિવસ ' બાળદિન' તરીકે ઓળખાય છે.

ઈતિહાસ અને પ્રકૃતિ પ્રત્યેના એમનો અનહદપ્રેમના દર્શન કરાવતું પુસ્તક ' મારું હિંદનું દર્શન' વાંચ્યાવિના રહેવાતું નથી. ચીનના સ્વાતંત્ર્ય સંગ્રામના બે દાયકા જેટલા સમયગાળામાં ગાંધીજીના અનન્ય ભકત તરીકે સ્વાતંત્ર્ય સંગ્રામમાં આગેવાની લીધી. ગાંધીજીએ પ્રબોધેલા વિશ્વશાંતીના આદર્શને ચરિતાર્થ કરવા જવાહરલાલ નહેરૂએ જીવનના છેલ્લા શ્વાસ સુધી સતત ઝંખના–ઝંઝુમતા રહયા. તેમણે ૧૭ વર્ષ સુધી શાસનકાળ દરમિયાન દેશની પ્રગતિના માર્ગે લઈ ગયા હતા.તેમના શાસનકાળ દરમિયાન ઔધોગિક ઉત્પાદનમાં તેમજ ખેતીવાડીની પેદાશમાં મોટો વધારો થયો હતો. તેઓ ભારતની વિદેશનિતીના ઘડવૈયા હતા. ચીન સાથેની લડાઈમાં ભારતનો પરાજય થવાથી નહેરૂને સખત આઘાત લાગ્યો. ઈ.સ. ૧૯૬૪ના જાન્યુઆરીમાં ભુવનેશ્વરમાં મળેલા કોગ્રેસના વાર્ષિકઅધિવેશનમાં તેમની ઉપર અચાનક પક્ષઘાતનો હુમલો થયો અને તા. ૨૭મી મે ૧૯૬૪ના રોજ બપોરના બે કલાકે તેમનું અવસાન થયું.

## શિવકુમાર ગિરિજાશંકરજોશી



ગુજરાતી નવલકથાકાર, વાર્તાકાર અને અનુવાદક શિવકુમાર ગિરિજાશંકર જોશીનો જન્મ તા.

૧૬/૧૧/૧૯૧૬ના રોજ અમદાવાદમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં મેળવ્યું હતું. ઈ.સ.૧૯૩૭ માં ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી સંસ્કૃત વિષય સાથે બી.એ.થયા ઈ.સ. ૧૯૩૭ થી૧૯૫૮ સુધી મુંબઈ-અમદાવાદમાં ભાગીદારીથી કપડાનો વ્યવસાય કર્યો.ઈ.સ.૧૯૫૮થી કલકત્તામાં કાપડનોસ્વતંત્ર વ્યવસાય ચાલુ કર્યો.ઈ.સ.૧૯૫૨માં કુમારચંદ્રક, ઈ.સ.૧૯૫૯માં નર્મદ સુવર્ણચંદ્રક અને ઈ.સ.૧૯૭૦માંરણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.. 'સોનાનીહાંસડી રૂપાની હાંસડી' તથા 'નીલાંચલ' , 'નીરદ છાયા' , 'ગંગા વહેછે આપની' વગેરે એકાંકીસંગ્રહો એમણે આપ્યા છે. 'પાંખ વિનાનાં પારેવાં અને બીજાં નાટકો' થીએકાંકી-નાટક ક્ષેત્રે એમણે પદાર્પણ કર્યું.તેઓ મુખ્યત્વે શહેરી જીવનમાંથીવસ્તુ પસંદ કરે છે. એમનાં નાટકોનો સંઘર્ષ મુખ્યત્વે પાત્રલક્ષી હોય છે. એમનાં મોટા ભાગનાંનાટકો સામાજિક છે. એમણે 'બે તખ્તા' જેવાપ્રયોગો કર્યા છે તથા રેડિયો નાટક પણ મોટી સંખ્યામાં લખ્યાં છે. 'અંધારા ઉલેચો', 'અંગારભસ્મ' , 'સાંધ્યદીપિકા' , 'દુર્વાંકુર' , 'ઘટાઘીરી ઘીરી આઈ' , 'એકને ટકોરે' , 'સુવર્ણરેખા' , 'શતરંજ', 'કૃતિવાસ', 'સાપઉતારા', 'સંધિકાળ', 'બીજલ', 'અજરામર' , 'કહત કબીરા' , 'કાકા સાગરિકા' , 'બાણશય્યા', 'નકુલા' અને 'ત્રિપર્ણ' , 'લક્ષ્મણરેખા', 'નીલ આકાશ', 'લીલી ધરા'-'દ્વિપર્ણ' , 'અમર-અમર મર' , 'માશંકરની ઐસી તૈસી' વગેરે એમનાં દીર્ઘ નાટકો છે. આઉપરાંત એમણે શરદબાબુની પ્રસિદ્ધ નવલકથાઓ 'વિરાજવહુ' તથા 'દેવદાસ' નાંસફળતાપૂર્વક નાટ્યરૂપાંતર કર્યાં છે. 'આભ રુવે એની નવલખધારે' કથા છે. 'કમલ કાનન કોલોની' એમની લઘુનવલ છે.'અનંગ રાગ' , 'શ્રાવણી' , 'એસ. એસ. રૂપનારાયણ' , 'દિયો અભયનાં દાન' , એમણે પચીસેક નવલકથાઓ લખી છે. એમનીશૈલી પ્રવાહી અને પ્રાસાદિક છે. એમણે 'રજનીગંધા' , 'ત્રિશૂળ' એમના વાર્તાસંગ્રહો લખી છે.'જોવી' તી કોતરો ને....જોવી' તીકંદરા' તથા 'પગલાં પડી ગયા છે' એમણે પ્રવાસ પુસ્તક છે : શિવકુમારજોશીનું ચોથી જુલાઈ ૧૯૮૮ ના રોજ થયું હતું.

## કિશનસિંહ ચાવડા



ગુજરાતી વાર્તાકાર, નિબંધકાર, અને નવલકથાકાર અને ચરિત્રકાર કિશનસિંહ ચાવડાનો જન્મ તા. ૧૭/૧૧/૧૯૦૪ના રોજ વડોદરામાં થો હતો. પિતાનું નામ ગોવિંદસિંહ હતું. તેમનું મૂળ વતન સુરત જીલ્લાનાનું સરીન પાસેના ભાંજ ગામ હતું. પ્રાથમિક શિક્ષણ વડોદરામાં અને ગુજરાત વિધાપીઠમાં સ્નાતકની પદવી મેળવી હતી. શરૂઆતમાં મુંબઈમાં લોશીપ હાઇસ્કુલમાં પોંડિચેરી આશ્રમમાં રહ્યા હતા. ઈ.સ. ૧૯૪૮માં અમેરિકામાં પિટ્સબર્ગ કાર્નેગી ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં પ્રિન્ટીંગ પ્લાન્ટ મેનેજમેન્ટનો છે. છ માસનો કોર્સ કર્યા અને વડોદરામાં ' સાધના મુદ્રણાલય' (ચેતના પ્રેસ)ની શરૂઆત કરી. ' ક્ષત્રિય ' માસિકના તંત્રી, ' નવગુજરાત'ના સહ તંત્રી જેવા અનેક આધ્યાત્મિક સંસ્થાઓ સાથે તેઓ ગાઢ સંપર્કમાં આવેલા છે.

‘ અમાસના તારા’માં જિપ્સી ઉપનામથી મર્મસ્પર્શી સ્મુતિચિત્રો અને રેખાચિત્રો આપ્યા છે. ‘જિપ્સીની આંખે ‘માં પણ આહ પ્રકારના સંસ્મરણો છે. ‘ હિમાલયની પત્રયાત્રા ‘ માં તેમને હિમાલય પ્રત્યે અધ્યાત્મરંગી ભાવનાપ્રેમ દ્રષ્ટિગોચર થાય છે. વિવિધ મહાનુભાવો સાથેના અંગત અનુભવોને આલેખતી તથા તેમના વિશિષ્ઠ વ્યકિતત્વનો મુદ્રાને ઉપસાવતી ચરિત્રરેખાઓ ‘ તારામૈત્રક ‘ માં સંગ્રહિત છે. ‘ સમુદ્રના દ્વીપ’માં જીવન અને અધ્યાત્મકને સ્પર્શતા ૨૩ લેખો છે. ‘ અમાસથી પૂનમ ભણી’ માં વિવિધ સંતસમાગમને કારણે સત્યશોધનને માટે જે જીજ્ઞાસા ઉદ્દીપ થઇ તેનું રસમય આલેખન કરતું ગદ્ય રમણીય મુદ્રા ધોરણ કરે છે. તેમણે ‘ કુમકુમ’ અને શર્વરી’ વાર્તાસંગ્રહો અને સીતાના પાત્રને નવીન અર્થઘટના થી ઉજમાળું બનાવતી નવલકથા ‘ ધરતીની પુત્રી’ આપ્યા છે. વિવેચનક્ષેત્રે ‘ હિન્દી સાહિત્યનો ઇતિહાસ’ અને ‘ કબીરસંપ્રદાય ‘ તેમના અભ્યાસ નિચોડરૂપે ગ્રંથો છે. તેમને આપેલા અનુવાદ ગ્રંથોમાં ‘ અંધાપો યાને ગામડિયો સમાજ’, કુમુદની,ભૈરવી, પ્રેમાશ્રમ ભાગ-૧ અને ૨, સંત કબીર, ચિત્રલેખા, અનાહત નાદ અને જ્ઞાનેશ્વરી’ છે. તેમને ઈ.સ. ૧૯૬૦માં નર્મદ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. તમનું અવસાન પહેલી ડિસેમ્બર ૧૯૭૯માં થયું હતું.

## જયંતી દલાલ




ગુજરાતી નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, અને અનુવાદકજયંતી ઘેલાભાઈદલાલનો જન્મતા. ૧૮/૧૧/૧૯૦૯ના રોજ અમદાવાદમાં થયો હતો. પિતા ઘેલાભાઈ ‘દેશી નાટક સમાજ’ ના સંચાલક હતા તેથી આ ફરતી નાટક કંપનીનેલીધે, એમનું પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ વિવિધ સ્થળે થયેલું. તેઓ ગુજરાત કૉલેજમાં જોડાયેલા, પણ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાંનીસક્રિયતાને કારણે ૧૯30માં બી.એ.ના છેલ્લા વર્ષથી અભ્યાસ છોડયો. એ વખતથી આરંભાયેલીએમની રાજ્કીય કારકિર્દી, ઈ.સ. ૧૯૫૬ માં તેઓ મહાગુજરાતની લડતમાં જોડાયા અને પછી ઈ.સ.૧૯૫૭માંવિધાનસભાના સભ્ય થયા ઈ.સ.૧૯૩૯થીજિંદગીપર્યંત એમણે પ્રેસ ચલાવ્યું. આ ઉપરાંત જુદાજુદા સમયે ઘણી વૈચારિક ને કલાલક્ષીપ્રવૃત્તિઓ કરી. ‘રેખા’ અને ‘એકાંકી’ નામનાં સાહિત્ય-રંગભૂમિનાસામયિકોનું સંપાદન કર્યું. ‘ગતિ’ સાપ્તાહિક અને મહાગુજરાત આંદોલન સમયે ‘નવગુજરાત’ દૈનિક એ બે વિચારપત્રો ચલાવ્યાં. નાટ્યક્ષેત્રે અભિનય અને દિગ્દર્શનમાં સક્રિય રસલીધો તેમણે ‘બિખરે મોતી’ નામક ગુજરાતી ફિલ્મનું નિર્માણ (૧૯૩૫) કર્યું. આમ છતાં એમની નોંધપાત્ર સેવા તો સાહિત્યકાર તરીકેની જરહી. સાહિત્યને એમણે કરેલા પ્રદાન માટે એમને ઈ.સ.૧૯૫૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક અનેનર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલા.

એમણે ‘જવનિકા’, ‘પ્રવેશબીજો’ , ‘પ્રવેશ ત્રીજો’ અને ‘ચોથો પ્રવેશ’ એ ચાર સંગ્રહોમાંકુલ તેતાલીસ પ્રયોગશીલ એકાંકી નાટકો આપીને એ ક્ષેત્રે

અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે.'સોયનું નાકું', 'દ્રોપદીનો સહકાર', 'જોઈએ છે, જોઈએ છીએ' જેવીએકાંકીઓ એમની સમર્થ અને સફળ પ્રયોગશીલતાના નમૂના છે.'અવતરણ' એકવિલક્ષણ પ્રયોગરૂપ વિચારકેન્દ્રી ત્રિ-અંકી નાટક ,'રંગતોરણ' આદિ ચાર સંગ્રહોમાં એમણે બાળનાટકો પણ આપ્યાં છે.તેમણે 'અનિલ ભટ્ટ', 'ધરમદાસ ફરદી', 'નિર્વાસિત', 'બંદા', 'મનચંગા' જેવા વિવિધ ઉપનામોથી સાહિત્ય ખેડાણ કરેલ છે. ઈ.સ. ૧૯૪૧ થી ૧૯૬૮ સુધી વાર્તાસર્જન કરી 'ઉત્તરા' , 'જૂજવાં', 'કથરોટમાં ગંગા', 'મુકમ્ કરોતિ' , 'આ ઘેર, પેલે ઘેર', 'અડખેપડખે' અને 'યુધિષ્ઠિર ?' એ સાતસંગ્રહોમાં કુલ ૧૩૫ વાર્તાઓ એમણે આપી છે. આરંભમાં 'નિર્વાસિત' ઉપનામથી લખેલી વાર્તાઓલખી છે. એમની બે નવલકથાઓ પૈકી પહેલી 'ધીમુ અને વિભા' અને 'પાદરનાં તીરથ' જયંતી દલાલનું ૨૪ મી ઓગસ્ટ ૧૯૭૦માં અવસાન થયું.

## રાણી લક્ષ્મીબાઈ



અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો જન્મ વિક્રમ સવંત ૧૮૯૧માં કારતક વદ ચૌદશ એટલે કે ૧૯ નવેમ્બર ૧૮૨૮ના રોજ વારાણસીમાં થયો હતો. પિતાનું નામ મોરોપંત તાંબે અને માતાનું નામ ભાગીરથી બાઈ હતું. તેમનું મૂળ નામ મણિકર્ણિકા હતું. પરંતુ બધા એને માનું કહીને જ બોલાવતા હતા. જ્યોતિષઓએ આગાહી કરી હતી કે " આ કન્યા રાજપાટણા સુખ ભોગવશે, તેમજ અનુપમ શૌર્ય શાલીન થશે". માત્ર ચાર વર્ષની વયે માતાનું અવસાન થયું પરંતુ પિતાએ પોતાની જાતને સાચવી અને બાળકી માંનુંનો ઉછેર કર્યો . બાળપણથી જ પુરૂષોની વચ્ચે રહી મોટી થઈ. બાજીરાવની લાડલી હતી. બાજીરાવ બીજાના દત્તક પુત્રો નાનાસાહેબ અને રાવ સાહેબની સાથે રમીને માનું મોટી થઈ. માણુએ ઘોડેસવારી, તલવારબાજી અને યુદ્ધની અન્ય કલાઓ શીખી હતી. તેમના લગ્ન ઝાંસીના રાજા ગંગાધરરાવ નિવાલકારની સાથે થયા હતા. આથી હવે માણુએ ઝાંસીની રાણી તરીકે ઓળખવા લાગી. ઇ,સ, ૧૯૫૩માં તેમના પતિનું અવસાન થયું આથી તેમણે એક પુત્ર દામોદરરાવ દત્તક લીધો. આ સમયે દેશમાં અંગ્રેજોનું રાજ હતું. અંગ્રેજ ખોટી નીતિને કારણે અંગ્રેજ રાણી લક્ષ્મીબાઈના દત્તક પુત્ર દામોદરરવને ઝાંસીનો વારસદાર ગણવાની ના પાડી દીધી અને કોઈ સ્ત્રી રાજ કરે એ પણ તેમણે મંજૂર ન હતું. આથી તેમણે ખાલસા નીતિ હેઠળ ઝાંસીને અંગ્રેજ રાજમા ભેળવી દેવાનું નક્કી કર્યું. આની વિરુદ્ધમાં રાણી લક્ષ્મીબાઈ લંડનની કોરટમાં કેસ દાખલ કર્યો પરંતુ કેસ હારી ગયા. રાની ઝાંસીનો કિલ્લો છોડીને ત્યાના રાણી મહેલમાં ગયા અને અંગ્રેજ સરકારે રાનીને ૫૦૦૦ રૂપિયાનું પેન્શન આપવાનું નક્કી કર્યું જેનો રાણી લક્ષ્મીબાઈએ અસ્વીકાર અને કહ્યું કે " મૈ આપની ઝાંસી નહીં દૂંગી" અંતે ચોથી જૂન ૧૮૫૬ના રોજ ' મીરતના બલવ' વખતે રાની જ્હંસીનો કિલ્લો ફરીથી જીતી લીધો. ૧૮૫૭માં વિપ્લવનું મુખ્ય કેન્દ્ર ઝાંસી હતું ત્યાં હિંસા ફાટી નીકળી. આ સમયે

ઝાંસીની રક્ષા કરવા લક્ષ્મીબાઈએ સેના ઊભી કરી પુરૂષો ઉપરાંત સ્ત્રીઓની પણ ભરતી કરી અને સ્ત્રીઓને પણ તેમણે શાસ્ત્ર ચલાવવાની તાલીમ આપી. ૧૮૫૮માં અંગ્રેજોએ ઝાંસી પર કબ્જો કરતાં રાણી લક્ષીબાઈ પોતાના પુત્રને લઈને ભગવામાં સફળ રહ્યા. રાણી લક્ષ્મીબાઈના ઘોડાનું નામ બાદલ અને સારંગી હતું. ૧૮ જૂન ૧૮૫૮ના રોજ ગ્વાલિયર નજીક કોઠાની સરાઈ ખાતે બ્રિટિશ સેના સામે લડતી વખતે તેમનું અવસાન થયું.

## ડૉ. ભગવાનદાસ પટેલ



ગુજરાતી લોક સાહિત્યનો અભ્યાસ કરનાર સંશોધક અને સંપાદક ડૉ. ભગવાનદાસ પટેલનો જન્મ તા.૧૯/૧૧/૧૯૪૩ના દિવસે સાબરકાંઠાના જામળા ગામમાં થયો હતો. પિતાનું નામ કુબેરદાસ હતું. ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી સાથે એમણે શુદ્ધ સાહિત્યિક સામાજિક રસથી લોકસાહિત્યના સંશોધાક્ક્ષેત્રે ઝંપલાવ્યું. તેમનું વ્યક્તિત્વ નિખાલસ અને નિર્દંભ છે. લોકસમાજ વચ્ચે રહીને જ એમણેઆ કામગીરી કરી હતી. ગુજરાતના આદિવાસી સાહિત્યમાં તેમનો ઊંડો અભ્યાસ છે. તેઓ ખેડબ્રહ્માની હાઈસ્કુલમાં શિક્ષક તરીકે જોડાયા. નોકરીની સાથે સાથે તે વિસ્તારના આદિવાસીઓને મળીને ટ્iમની બોલી, રીતરીવાજ ,ચિત્રકામ, સંગીત અને વાદ્યો તથા નૃત્ય કળાનો ઊંડો અભ્યાસ કર્યો. દોઢેક હજાર જેટલી કેસેટમાં આદિવાસીઓને કંઠસ્થ પરંપરાનું ધ્વનીમુદ્રણ કર્યું. ઈ.સ.૧૯૪૮ અને ઈ.સ.૧૯૮૩માં ભીલી કલાકારો સાથે યુરોપમાં આંતરાષ્ટ્રીય મહોત્સવમાં ભાગ લીધો હતો. તોલી રાણીમાં વાર્તા ભીલલોકોત્સવ ગીર તેમાં મહત્વના પ્રદાન છે. ભીલી કલાકારો સાથે આદિવાસી ક્ષેત્રેમાં ગીત,કથા અને નાટકને માધ્યને વ્યસનમુક્તિના પ્રચારમાં પણ તેમનું નોંધપાત્ર પ્રદાન છે. રોમસીતામાની વાર્તા અને ‘ ભીલ લોક મહાકાવ્ય રાઠોર વાર્તા’ એમના આ ક્ષેત્રના જાણીતા બનેલા સંશોધન – સંપાદનો છે, આ ઉપરાંત એમના પ્રદાનમાં ભીલ પ્રજામાં પ્રચલિત લગ્ન પ્રણયગીતો ‘ લીલા મોરિયા’ અને ફૂલરાણી લાડી’ પણ જાણીતા પુસ્તકો છે.


## કવિ



ગુજરાતી કવિમણિશંકર રત્નજીભટ્ટ ઉર્ફે કાન્તનો જન્મ તા.૨૦/૧૧/૧૮૬૭ના દિવસે ચાવંડ (જિ. અમરેલી) ગામમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માંગરોળ, મોરબી અનેરાજકોટમાં મેળવ્યું હતું.ઈ.સ.૧૮૮૮માં મુંબઈમાંથી લૉજિક અને મૉરલ ફિલોસોફીનાવિષયો સાથે બી.એ. થયા. ઈ.સ.૧૮૮૯માં થોડો વખત સુરતમાં શિક્ષક તરીકે કામ કર્યા પછી ઈ.સ.૧૮૯૦ થી ૧૮૯૮ સુધી વડોદરાના કલાભવનમાંસાહિત્યશાસ્ત્રના અધ્યાપક, વાઇસ પ્રિન્સિપાલ અને એની અંગભૂત ટ્રેનિંગ કોલેજનાઆચાર્ય તરીકે રહ્યા હતા. આ દરમિયાન ઈ.સ.૧૮૯૧માં પ્રથમ પત્નીનું અવસાન થયું, જેનાથી એમને તીવ્ર આઘાત લાગ્યો.ઈ.સ.૧૮૯૮ થી ૧૯૨૩ સુધી એમણે ખ્રિસ્તી ધર્મ-સ્વીકારને કારણે થયેલા થોડા વિક્ષેપસાથે ભાવનગર રાજ્યમાં બહુધા શિક્ષણ

અધિકારી તરીકે અને પછીથી દીવન ઑફિસમાં કામગીરીબજાવી. ૧૬મી જુન ૧૯૨૩માં કાશ્મીરના પ્રવાસ દરમ્યાનત્યાંથી પાછા ફરતાં રાવળપિંડીથી લાહોર આવતીમેલ ટ્રેનમાં એમનું અવસાન થયું. સાહિત્યક્ષેત્રે એમનું મુખ્ય અને મહત્વનુંપ્રદાન કવિ તરીકેનું છે. અંગ્રેજીના પ્રભાવ નીચે વિકસતી આવેલી અર્વાચીન ગુજરાતીકવિતાનું પ્રૌઢ સ્વાધીન રૂપ પહેલીવાર એમની કવિતામાં પ્રગટ થાય છે. ‘પૂર્વાલાપ’ અને કલાપીનો કેકારવ’તેમના કાવ્યસંગ્રહો છે.‘વસંતવિજય’, ‘ચક્રવાકમિથુન’ અને ‘દેવયાની’ એત્રણ કાવ્યોમાં એમની સિદ્ધિ અદ્યપર્યંત અનુપમ રહી છે. આ ખંડકાવ્યોમાં પ્રણયનીઅતૃપ્તિની વેદના અને તે નિમિત્તે કઠોર વિધિશાસનનું કરુણ જીવનદર્શન વ્યક્ત થયેલુંછે.નવેકની સંખ્યામાં મળતાં એમનાં ખંડકાવ્યો કરતાં એમનાં ઊર્મિકાવ્યોજથ્થામાં ઘણા વધારે છે. એમાં પણ ‘ઉપહાર’, ‘ઉદગાર’, ‘વત્સલનાં નયનો’, ‘સાગર અને શશી’ જેવી ગહન ભાવભરી, મૂર્ત શૈલીની સ્થાપત્ય સુંદર રચનાઓ છે; એમનાં ચાર નાટકો ‘સલીમશાહ અથવા અશ્રુમતી’, ‘રોમનઆત્મશાસન અથવા રોમન સ્વરાજ્ય’, ‘દુઃખી સંસાર’ અને ‘ગુરુ ગોવિંદસિંહ’ અનુક્રમે ૧૯૦૮થી ૧૯૧૪ દરમિયાન લખાયાં છે. એમાંથી ‘રોમન સ્વરાજ્ય’ અને ‘ગુરુ ગોવિંદસિંહ’ (બેનાટકો) માં તથા ‘દુઃખી સંસાર’ ૧૯૧૫માં પ્રસિદ્ધ થયેલાં છે. ‘કાન્તની અધૂરી વાર્તા ‘કુમાર અને ગૌરી’, ‘હીરામાણેકની એક મોટી ખાણ’ (બી. આ.૧૯૧૨)માં હેતુલક્ષી બોધપ્રધાન જીવનવિશ્લેષણ છે.


## શ્રી રંગ અવધૂત



માનવી માત્ર ઉપર જો ઈશ્વરની કૃપા થાય તો તેનું સમસ્ત જીવન બદલાઈ જાય છે. તે તેનો પોતાનો તો ઉદ્ધાર કરે છે પણ સાથો સાથ સમાજનો પણ ઉધ્ધાર કરે છે.શ્રી રંગ અવધૂતનો જન્મ તા. ૨૧/૧૧/૧૮૯૮ના રોજ ગોધરામાં થયો હતો. બચપણનું નામ પાંડુરંગવળામે હતું. પિતાનું નામ વિઠ્ઠલપંત અને માતાનું નામ રૂકમણી હતું.ઈ.સ.૧૯૧૭માં મેટ્રીકની પરિક્ષા પ્રથમ નંબરે પાસ કરી. બી.એણી પરીક્ષા વખતે તેઓ ગાંધીજીની અસહકારની ચળવળમાં જોડાયા. ત્યારપછી ગુજરાત વિધાપીઠમાં સ્નાતક થયા. અને અમદાવાદની એક રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે જોડાયા. નર્મદા કિનારે આવેલા મહાદેવના મંદિરમાં તેઓ સૂતા હતા ત્યારે સ્વપ્નમાં પરમહંસ વસુદેવ સરસ્વતીએ દત્તપુરાણના ૧૦૮ પારાયણ કરવાનો આદેશ આપ્યો તે મુજબ કરવાથી તેમનું જીવન બદલાઈ ગયું. સાંઈખેડાના સંત ધૂણીવાળા તથા ઉપાસની બાબાના દર્શન પછી નર્મદા કિનારે રણાપુર માં રહેવા લાગ્યા ત્યાં દાસકાકા નો ભેટો થતાં નારેશ્વર આવ્યા. અને દત્ત પુરાણનું પારાયણ શરૂ કર્યું. ઈ.સ. ૧૯૮૧ના માગશર વાદ ત્રીજના દિવસે રંગ અવધૂત તરીકે ઓળખાતા લાગ્યા. તેમણે કવિતા અને ‘ દૃષ્ટાતક શરણષ્ટ્ક્મ ‘ સંસ્કૃતમાં લખ્યા. તેમણે મરાઠી,સંસ્કૃત અને ગુજરાતીમાં અનેક ગ્રંથો લખ્યા છે. ગુજરાતમાં તેમણે દત્ત ભગવાનની

ભક્તિનો પ્રચાર કર્યો. ગુજરાતીમાં લખેલ ' ગુરૂલીલામૃત' ગ્રંથ મહાકાવ્ય જેવો ગ્રંથ છે. ' દત્ત બાવની ' અને દત્ત રક્ષા સ્ત્રોત્ર પણ તેમના જાણીતા ગ્રંથો છે. ' પરસ્પર દેવો ભવ ' તેમણે ગુજરાત ને મંત્ર આપ્યો છે. સવંત ૨૦૨૫ના કારતક વદ અમાસને તા. ૧૯/૧૧/૧૯૬૮ના રોજ હરદ્વારમાં તેમણે સમાધી લીધી. આજે શ્રી રંગ અવધૂત મહારાજ નારેશ્વરમાં સ્થૂળ દેહ ઉપસ્થિત નથી છતાં પણ તેમના એ સ્થાન ધાર્મિક અને સામાજિક સેવાકાર્યોની પ્રવૃતિઓ ચાલે છે.

## બંસીલાલ વર્મા



ગુજરાતનાં પ્રખ્યાત ચિત્રકાર બંસીલાલ વર્માનો જન્મ ૨૩ નવેમ્બર ૧૯૧૭ના રોજ મહેસાણા જિલ્લાના ચોટીયા ગામમાં થયો હતો. પિતાનું નામ ગુલાબરાય અને માતાનું નામ જમનાગૌરી હતું. તેમનું મૂળ વતન વડનગર હતું. તેમણે પ્રાથમિક શિક્ષણ વડનગરમાં પ્રાપ્ત કર્યું પંદર વર્ષની વયે તેમણે હસ્તલિખિત સામયિક પ્રકાશિત કરવાનું શરૂ કર્યું. તેઓ ચિત્રકાર રાજા રવિવર્માથી પ્રભાવિત હતા અને દેવી-દેવતાઓના ચિત્રો દોરતા હતા. ૧૯૩૫માં રવિશંકર રાવલ સાથે ચિત્રકળા શીખવા માટે જોડાયા ૧૯૩૬માં લખનૌ ખાતે એક વર્ષ કોંગ્રેસ અધિવેશન માં કલાકાર તરીકે સેવા આપી.૧૯૩૭થી તેમણે વર્તમાનપત્રમાં કટાક્ષચિત્રો આપવાની શરૂઆત કરી. ભારત છોડો આંદોલનમાં ચિત્રકાર તરીકે બેનર્સ, કાર્ટૂન્સ પોસ્ટરર્સ બનાવ્યા.

' ચકોર' ઉપનામથી જાણીતા બંસીલાલ વર્માની કલાસાધના અર્ધી સદીથી વધારે સમય ચાલી હતી. તેમના કેટલાક ચિત્રો આજે પણ મૈસૂરની આર્ટ ગેલેરીમાં સચવાયા છે. ' અનંતમાં એક રાગ' નામના એમના ચિત્રને ઇ.સ. ૧૯૪૧માંબોમ્બે આર્ટ સોસાયટી તરફથી ચંદ્રક એનાયત કરવામાં આવેલ છે. તેમના લોકપ્રિય ચિત્રોમાં સ્વાગત કરતી ભારતીય મહિલાનું ચિત્ર ખૂબ જ લોકપ્રિય હતું. ૧૯૬૭માં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં ' ડેગન કમ્સ ટુ યુનો' નામનું કટાક્ષચિત્ર રજૂ કર્યું હતું અને આ ચિત્રને ' મોન્ટ્રિયલ એવોર્ડ' આપવામાં આવ્યો હતો. ૮ ઓગસ્ટ ૨૦૦૩ના રોજ અવસાન થયું.

## ડૉ. વર્ગિસ કુરિયન




(મિલ્કમેન ઓફ ઈન્ડિયા)તરીકે ઓળખાતા ડૉ. વર્ગિસ કુરિયનનો જન્મ ૨૬ નવેમ્બર ૧૯૨૧ ના રોજ કોઝીકોટ (કેરળ)માં ખ્રિસ્તી પરિવારમાં થયો હતો. તેમણે ૧૯૪૦માં લોયાળા કોલેજમાંથી સ્નાતકની પડાવી મેળવી હતી ત્યારબાદ તેમણે ચેન્નઈની ગિંડી કોલેજ ઓફ એન્જીનિયરીંગમાંથી ડિગ્રી મેળવી હતી. ભારત સરકાર તરફથી ડેરી એન્જીનિયરીંગનો અભ્યાસ કરવા માટે શિષ્યવૃતિ આપી હતી. ૧૯૪૮માં મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એંજિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હતી.

ભારત એક સમયે દૂધની અછત સામે ઝઝૂમી રહ્યું હતું પરંતુ તેઓએ ભારતને વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમના વિશ્વમાં સૌથી મોટા ડેરી વિકાસ કાર્યક્રમ ૧૯૭૦માં 'ઓપરેશન ફલડ'ને કારણે ભારત ૧૯૯૮માં યુનાઈટેડ સ્ટેટ્સને પાછળ રાખીને વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતો દેશ બન્યો હતો. તેમણે અમૂલની સ્થાપના કઈ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) અને ઇન્સ્ટિટયૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (IRMA)ની સ્થાપના કરી હતી. ડૉ. વર્ગિસ કુરિયન ટૂંકી માંદગી બાદ ૯ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ ૯૦ વર્ષની વયે અવસાન થયું.


## રમેશ પારેખ

" મને તોહ થાય છે કે સ્વીકારી લઈએ હાર પરંતુ મારી માં એ ખાધેલી સવાશેર સૂંઢનું શું ?"



આધુનિક ગુજરાતી ભાષાના કવિ અને ગીતકાર રમેશ પારેખનો જન્મ ૨૭ નવેમ્બર ૧૯૪૦ના રોજ અમરેલી ખાતે કપોલ વણિક પરિવારમાં થયો હતો. પિતાનું નામ મોહનલાલ અને માતાનું નામ નર્મદાબેન હતું.વ્યવસાયે સરકારી કર્મચારી હોવાછતાં તેમણે સાહિત્ય અને સંગીતમાં ઊંડો રસ હતો. ગીત, ગઝલ અને અછાંદસ કાવ્યોમાં તેમનું મહત્વનુ યોગદાન રહ્યું છે. શાળાકીય અભ્યાસ દરમ્યાન તેમની પ્રથમ વાર્તા ' પ્રેતની દુનિયા' ' ચાંદની' સામયિકમાં પ્રગટ થઈ હતી. ૧૯૬૭માં તેમણે કવિતા લખાવાનું શરૂ કર્યું. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૭૦માં ' કયા' પ્રગટ થયો હતો. ત્યારપછી તેમણે ' અન્ય કાવ્યસંગ્રહમાં ખડિંગ', ' ત્વં' , સનનન, ખમ્મા આલા બાપુને, 'મીરા સામે પાર' અને ' વિતાન સુદ બીજ' નો સમાવેશ થાય છે. તેમની બધી કવિતાઓ 'છ અક્ષરનું નામ' સંગ્રહમાં પ્રગટ થઈ છે. આ ઉપરાંત ' સ્તનપૂર્વક' વાર્તાસંગ્રહ આપ્યો છે. ' આ પડખું ફર્યો લે!' તેમનો ગઝલ સંગ્રહ છે. તેમણે બાલ સાહિત્ય ક્ષેત્રે પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ' ખડિંગ પુસ્તક માટે ૧૯૭૮માં નર્મદ સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. આ ઉપરાંત ' મીરા સામે પાર' માટે ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક એનાયત થયો. ૧૯૯૪માં ' વિતાન સુદ બીજ' કાવ્યસંગ્રહને સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૧૯૮૯માં કલા ગૌરવ પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ છે. ૧૧ મે ૨૦૦૬માં ૬૫ વર્ષની વયે રાજકોટ ખાતે અવસાન થયું.

## કરસનદાસ માણેક




ગુજરાતી કવિ, વાર્તાકાર અને નિબંધકાર કરસનદાસ માણેકનો જન્મ ૨૮ નવેમ્બર ૧૯૦૧ના રોક કરાંચીમાં થયો હતો. તેઓ જામનગર જિલ્લાના જોડિયા તાલુકાનાં હડિયાણા ગામના વાતની હતા. પિતાનું નામ નરસિંહ માણેક હતું. ૧૯૨૩માં કરાંચીની ડી.જે. કોલેજમાં પ્રવેશ મેળવી સંસ્કૃત-અંગ્રેજી વિષય સાથે બી.એ. થયા. ૧૯૩૮માં હાઇસ્કૂલના આચાર્ય તરીકે કામ કર્યું આ દરમિયાન

gnanbhandar.com

એક વર્ષ ' ડેઇલી મિરર' નામના અંગ્રેજી અખવાર ચલાવ્યું. ૧૯૩૦ અને ૧૯૩૨માં આઝાદીની ચળવળમાં જોડાઈ જેલવાસ પણ ભોગવ્યો. ૧૯૩૯થી ' જન્મભૂમિ'ના તંત્રી વિભાગમાં સેવાઓ આપી ૧૯૫૧માં ' સારથિ' સાપ્તાહિક અને ત્યારપછી ' નચિકેતા' માસિક શરૂ કર્યું.

કરસનદાસ માણેકનું ઉપનામોમાં 'વૈશંપાયન',' પદ્મ',' વ્યાસ' હતું. તેઓ મુખ્યત્વે કવિ હતા પણ વાર્તા, નિબંધ, ચરિત્ર જેવા સાહિત્ય સ્વરૂપોનું સર્જન કર્યું હતું. તેમણે ' ખાખના પોયણા' (ખંડકાવ્યો',' મહોબતને માંડવે','વૈશંપાયન ની વાણી'' કલ્યાણયાત્રી' તેમના નોંધપાત્ર સર્જનો છે. કલ્યાણયાત્રી એ ગાંધીજી વિષે પ્રશસ્તિયુકત ભાવે લખાયેલી કૃતિ છે. ૧૮ જાન્યુઆરી ૧૯૭૮માં વડોદરા ખાતે અવસાન થયું.

## સર જગદીશચંદ્ર બોઝ



આધુનિક ભારતના મહાન વિજ્ઞાનઋષિ તરીકે ઓળખાતા સર જગદીશચંદ્ર બોઝનો જન્મ તા.૩૦/૧૧/૧૮૫૮માં તેમના મોસાળના ગામ મેમનસિંહમાં થયો હતો. પિતા ભગવાનચંદ્ર ફરિદપુર જિલ્લામાં નાયબ ન્યાયાધીશ હતા. માતાનું નામ વનસુંદરીદેવી હતું. ઈ.સ.૧૯૭૯માં ભૌતિક વિજ્ઞાનમાં બી.એની પરીક્ષા પાસ કર્યા બાદ જગદીશચંદ્ર પરદેશ જઈ ડોક્ટર બનવા માગતા હતા, પરંતુ દેશભક્ત પિતાએ બેકારોને રોજગારી આપવા માટે સેવા પ્રવૃત્તિ કરી એમાં દેવું થઈ ગયું. જગદીશચંદ્રએ દેવું ભરપાઈ કરવા માટે સરકારમાં મોટા હોદ્દાની પરીક્ષા આપીને નોકરી કરવાનું નક્કી કરી લીધું હતું, પરંતુ માતાએ ઘરેણાં વેચીને દીકરાને પરદેશ મોકલ્યો. ત્યાં ચાર વર્ષ રહીને ઈ.સ.૧૮૮૪માં જગદીશચંદ્ર નૈર્સિગક વિજ્ઞાન વિષયમાં સ્નાતકની ડિગ્રી લઈને લંડનથી ભારત પાછા ફર્યા.આથી વિધાર્થીઓમાં વિજ્ઞાનમાં રસ પણ ખૂબ કેળવાયો. તેમના અધિકારીઓ પણ તેમની આવડતથી ખૂશ થયા. ભારતમાં અંગ્રેજોએ સ્થાપેલી ઇમ્પિરિયલ શિક્ષણ સેવામાં અધ્યાપક બનનાર તેઓ પ્રથમ ભારતીય હતા. ભારતીય હોવાથી તેમને અડધો પગાર મળતો હતો. બોઝે તેના વિરોધમાં ૧૦ વરસ સુધી લડત આપીને પૂરો પગાર મેળવ્યો અને પિતાનું દેવું ઉતાર્યું. તેમણે ઈ.સ.૧૮૯૫માં વીજળીક કિરણોની શોધ કરી.

જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવ છે એ સાબિત કરીને એવાં યંત્રો બનાવ્યાં હતા જે વૃક્ષના એક ઇંચના લાખમાં ભાગ જેટલી વૃદ્ધિને પણ જાણી શકતાં હતાં. આ સંશોધન શરીર વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, કૃષિ અને ચિકિત્સા શાસ્ત્રમાં ખૂબ જ કામ લાગ્યું છે. આ યંત્રનું નામ **' Groth of Balance by inclined plane'** હતું. લંડનની રોયલ સોસાયટી તેના નિયમ મુજબ એક મહાનુભાવને એક જ વાર વ્યાખ્યાતા તરીકે આમંત્રણ આપે છે, પરંતુ જગદીશચંદ્ર બોઝ એવા પ્રથમ વૈજ્ઞાનિક હતા જેમને આ સોસાયટીએ ત્રણ વાર બોલાવ્યા હતા. બ્રિટીશ સરકારે તેમને 'કમાંડર ઓફ ધ ઇન્ડિયન અમ્પાયર' તથા 'નાઇટ'ની ઉપાધીથી નવાજ્યા હતા.તેમણે આખું જીવન સંશોધન પાછળ ગાળ્યું હતું. વનસ્પતિમાં સજીવ છે કે નિર્જીવ તેનું સંશોધન કરવાનું પણ તેમણે શરૂ કર્યું. અને અંતે તેમણે નક્કી કર્યું કે વનસ્પતિ સજીવ છે. વનસ્પતિ મનુષ્યની માફક દરેક ક્રિયા કરે છે ને લાગણી પણ અનુભવે છે-એવી શોધ જગદીશચંદ્રએ કરી. આ સાબિત કરવા માટે તેમણે એક યંત્ર બનાવ્યું જેનું નામ '

રેઝન્ટ રેકોર્ડર ' હતું. ઈ.સ.૧૯૨૯માં સર જગદીશચંદ્ર બોઝનો ' હીરક મહોત્સવ ' ઉજવાયો હતો. તેમનું ૨૨મી નવેમ્બર૧૯૩૭ના દિવસે અવસાન થયું.

gnanbhandar.com